# <u>પરિશિષ્ટ–૧</u>

# <u>જાહેરાતનો નમૂનો</u>

## સમગ્ર શિક્ષા અંતર્ગત જિલ્લાકક્ષા અને તાલુકાકક્ષાએ ૧૧માસ માટે કરાર આધારિત જગ્યાઓના કરાર બાબત

| ક્રમ | જગ્યાનું નામ | માસિક ફિક્સ મહેનતાણું | ખાલી જગ્યાની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | પ્રોજેક્ટ કો–ઓર્ડિનેટરઃ સેકન્ડરી એજ્યુકેશન | રૂા.૨૦,૦૦૦/– | ૧૬ |
| ૨ | મદદનીશ જિલ્લા કો–ઓર્ડિનેટર : ક્વોલીટી એજ્યુકેશન એન્ડ મોનીટરીંગ (ટીચર્સ ટ્રેનીંગ) | રૂા.૧૬,૫૦૦/– | ૦૨ |
| ૩ | મદદનીશ જિલ્લા કો–ઓર્ડિનેટર : ગર્લ્સ એજ્યુકેશન **(ફક્ત મહિલા ઉમેદવારે જ અરજી કરવી.)** | રૂા.૧૬,૫૦૦/– | ૦૪ |
| ૪ | મદદનીશ જિલ્લા કો–ઓર્ડિનેટર : જિલ્લા હિસાબી અધિકારી | રૂા.૧૬,૫૦૦/– | ૦૬ |
| ૫ | મદદનીશ જિલ્લા કો–ઓર્ડિનેટર : એમ.આઈ.એસ. | રૂા.૧૬,૫૦૦/– | ૦૩ |
| ૬ | મદદનીશ જિલ્લા કો–ઓર્ડિનેટર : અલ્ટરનેટીવ સ્કૂલીંગ/એકસેસ | રૂા.૧૬,૫૦૦/– | ૦૭ |
| ૭ | મદદનીશ જિલ્લા કો–ઓર્ડિનેટર : આઈઈડી કો–ઓર્ડિનેટર | રૂા.૧૬,૫૦૦/– | ૦૧ |
| ૮ | એડીશનલ મદદનીશ જિલ્લા કો–ઓર્ડિનેટરઃ ગર્લ્સ એજ્યુકેશન (કેજીબીવી) **(ફક્ત મહિલા ઉમેદવારે જ અરજી કરવી.)** | રૂા.૧૩,૦૦૦/– | ૦૨ |
| ૯ | બ્લોક એમઆઈએસ કો–ઓર્ડિનેટર **(તાલુકાકક્ષા)** | રૂા.૧૨,૦૦૦/– | ૨૧ |

સમગ્ર શિક્ષા અંતર્ગત ગુજરાત રાજયમાં જિલ્લાકક્ષા અને તાલુકાકક્ષાએ ઉકત જગ્યાઓની ભરતી માટે પસંદગીયાદી તૈયાર કરવા માટે યોગ્ય લાયકાતો અને પૂરતો અનુભવ ધરાવતા ઉમેદવારો પાસેથી **ઓન–લાઈન** અરજીઓ મંગાવવામાં આવે છે. **ક્રમ– ૩ અને ક્રમ–૮ ની જગ્યા માટે ફકત મહિલા ઉમેદવારની અરજીઓ માન્ય ગણાશે.**

**ઉપરોકત તમામ જગ્યા માટે ઉમેદવારની વયમર્યાદા ઓન–લાઈન અરજી કરવાની છેલ્લી તારીખના રોજ ૩૫ વર્ષ સુધીની રહેશે.**

ઉમેદવારે ઓન–લાઈન અરજી **<u>http://www.ssagujarat.org</u>** વેબ સાઈટ પર જઈ **<u>Recruitment</u>** પર કલીક કરી કરવાની રહેશે. ઉમેદવારે અરજી કરતાં પહેલા વેબ સાઈટ પર મૂકેલ ઉકત જગ્યાઓ માટેની આવશ્યક લાયકાત, વય મર્યાદા, અનુભવ, નિમણૂંકનો પ્રકાર અને મહેનતાણા અંગેની **સૂચનાઓ/માર્ગદર્શિકા** પહેલા વાંચી લેવી. સ્ટેટ પ્રોજેકટ ઓફિસ તથા જિલ્લા પ્રોજેકટ ઓફિસ ખાતે રૂબરૂ, ટપાલ કે કુરિયર ધ્વારા કોઈપણ અરજી સ્વીકારવામાં આવશે નહિં. તદઉપરાંત આવી મોકલેલ અરજીઓ માન્ય ગણાશે નહિં.

ઉમેદવારે પ્રમાણપત્રોની ખરાઈ માટે જયારે પણ રૂબરૂ બોલાવવામાં આવે ત્યારે **ઓન–લાઈન કરેલ અરજીની પ્રિન્ટ** સાથે જરૂરી પ્રમાણપત્રોની એક–એક ઝેરોક્ષ નકલ, પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફસ તેમજ ચકાસણી માટે અસલ પ્રમાણપત્રો સાથે હાજર રહેવાનું રહેશે.

**ઓન–લાઈન અરજી કરવાની તારીખ : ૦૨/૦૫/૨૦૨૨ (૧૪:૦૦ કલાક થી શરૂ)**
**ઓન–લાઈન અરજી કરવાની છેલ્લી તારીખ : ૧૩/૦૫/૨૦૨૨ (૨૩:૫૯ કલાક સુધી)**

**સહી/–**
**સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટર**
**ગુજરાત શાળા શિક્ષણ પરિષદ,**
**સ્ટેટ પ્રોજેકટ ઓફિસ, સમગ્ર શિક્ષા,**
**સેકટર–૧૭, ગાંધીનગર**

# <u>પરિશિષ્ટ–૨</u>

## સમગ્ર શિક્ષા અંતર્ગત જિલ્લાકક્ષા અને તાલુકાકક્ષાએ હાલ ખાલી રહેલ વિવિધ જગ્યાઓની યાદી

| ક્રમ | જગ્યાનું નામ | ખાલી જગ્યાની સંખ્યા |
|---|---|---|
| ૧ | પ્રોજેકટ કો–ઓર્ડિનેટરઃ સેકન્ડરી એજયુકેશન | ૧૬ |
| ૨ | મદદનીશ જિલ્લા કો–ઓર્ડિનેટર : કવોલીટી એજયુકેશન એન્ડ મોનીટરીંગ (ટીચર્સ ટ્રેનીંગ) | ૦૨ |
| ૩ | મદદનીશ જિલ્લા કો–ઓર્ડિનેટર : ગર્લ્સ એજયુકેશન<br>**(ફકત મહિલા ઉમેદવારે જ અરજી કરવી.)** | ૦૫ |
| ૪ | મદદનીશ જિલ્લા કો–ઓર્ડિનેટર : જિલ્લા હિસાબી અધિકારી | ૦૬ |
| ૫ | મદદનીશ જિલ્લા કો–ઓર્ડિનેટર : એમ.આઈ.એસ. | ૦૩ |
| ૬ | મદદનીશ જિલ્લા કો–ઓર્ડિનેટર : અલ્ટરનેટીવ સ્કૂલીંગ/એકસેસ | ૦૭ |
| ૭ | મદદનીશ જિલ્લા કો–ઓર્ડિનેટર : આઈઈડી કો–ઓર્ડિનેટર | ૦૧ |
| ૮ | એડીશનલ મદદનીશ જિલ્લા કો–ઓર્ડિનેટરઃ ગર્લ્સ એજયુકેશન (કેજીબીવી)<br>**(ફકત મહિલા ઉમેદવારે જ અરજી કરવી.)** | ૦૨ |
| ૯ | બ્લોક એમઆઈએસ કો–ઓર્ડિનેટર **(તાલુકાકક્ષા)** | ૨૧ |

# <u>પરિશિષ્ટ – ૩</u>

## અરજી કરવા સંબંધિત સૂચનાઓ

૧. ઉમેદવારે ઓનલાઈન અરજી નિયત સમય મર્યાદામાં કરવાની રહેશે.

૨. ઓનલાઈન સિવાયની કોઈપણ અરજી જિલ્લા/રાજય કક્ષાની કચેરીએ સ્વીકારવા કે માન્ય રાખવામાં આવશે નહિં. **ઓનલાઈન અરજી તા.૦૨/૦૫/૨૦૨૨ તારીખ થી (૧૪:૦૦ કલાક થી શરૂ) થશે.**

૩. **ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તા.૧૩/૦૫/૨૦૨૨ છે. (૨૩:૫૯ કલાક સુધી)**

૪. ઉમેદવારે જુદી જુદી જગ્યા માટે જુદી જુદી અરજી કરવાની રહેશે. એક જગ્યા માટે એક કરતાં વધુ અરજી કરેલ હશે તો છેલ્લે કરેલી અરજી માન્ય ગણવામાં આવશે.

૫. આ નિમણૂંક કરારના ધોરણે ૧૧ માસથી વધુ નહી તેટલી મુદતની રહેશે.

૬. **ઉમેદવારની ક્રમ ૧ થી ૯ માટે વયમર્યાદા ઓન–લાઈન અરજી કરવાની છેલ્લી તારીખના રોજ ૩૫ વર્ષ સુધીની રહેશે.**

૭. **માસિક ફિકસ મહેનતાણું જુદી જુદી જગ્યા માટે નીચે મુજબ રહેશે.**

| ક્રમ | જગ્યાનું નામ | માસિક ફિકસ મહેનતાણું |
|---|---|---|
| ૧ | પ્રોજેકટ કો–ઓર્ડિનેટરઃ સેકન્ડરી એજયુકેશન | રૂા.૨૦,૦૦૦/– |
| ૨ | મદદનીશ જિલ્લા કો–ઓર્ડિનેટર : કવોલીટી એજયુકેશન એન્ડ મોનીટરીંગ (ટીચર્સ ટ્રેનીંગ) | રૂા.૧૬,૫૦૦/– |
| ૩ | મદદનીશ જિલ્લા કો–ઓર્ડિનેટર : ગર્લ્સ એજયુકેશન **(ફકત મહિલા ઉમેદવારે જ અરજી કરવી.)** | રૂા.૧૬,૫૦૦/– |
| ૪ | મદદનીશ જિલ્લા કો–ઓર્ડિનેટર : જિલ્લા હિસાબી અધિકારી | રૂા.૧૬,૫૦૦/– |
| ૫ | મદદનીશ જિલ્લા કો–ઓર્ડિનેટર : એમ.આઈ.એસ. | રૂા.૧૬,૫૦૦/– |
| ૬ | મદદનીશ જિલ્લા કો–ઓર્ડિનેટર : અલ્ટરનેટીવ સ્કૂલીંગ/એકસેસ | રૂા.૧૬,૫૦૦/– |
| ૭ | મદદનીશ જિલ્લા કો–ઓર્ડિનેટર : આઈઈડી કો–ઓર્ડિનેટર | રૂા.૧૬,૫૦૦/– |
| ૮ | એડીશનલ મદદનીશ જિલ્લા કો–ઓર્ડિનેટરઃ ગર્લ્સ એજયુકેશન (કેજીબીવી) **(ફકત મહિલા ઉમેદવારે જ અરજી કરવી.)** | રૂા.૧૩,૦૦૦/– |
| ૯ | બ્લોક એમઆઈએસ કો–ઓર્ડિનેટર **(તાલુકાકક્ષા)** | રૂા.૧૨,૦૦૦/– |

૮. ઉમેદવાર કોમ્પ્યુટર અંગેનું જ્ઞાન ફરજીયાત ધરાવતો હોવા જોઈએ. આ અંગેનો જરૂરી આધાર રજુ કરવાનો રહેશે. આ અંગે સરકારશ્રીના ભરતી અંગેના પ્રર્વતમાન નિયમોનુસારનો આધાર રજુ કરવાનો રહેશ.

૯. ઉમેદવાર ઉપરોકત જગ્યાઓ માટે અંગ્રેજી, ગુજરાતી અને હિન્દી ભાષાઓનું લેખિત અને મૌખિક કૌશલ્ય ધરાવે તે ઈચ્છનીય રહેશે.

૧૦. ઓન–લાઈન અરજી કરવાની છેલ્લી તારીખને ધ્યાને લઈને વયમર્યાદા તથા અનુભવની ગણતરી કરવામાં આવશે.

૧૧. કોઈપણ ઉમેદવારનો અનુભવ માંગેલ જરૂરી શૈક્ષણિક લાયકાત પૂર્ણ થયા પછીનો માન્ય ગણાશે.

૧૨. ઉમેદવારે ઓનલાઈન અરજીમાં દર્શાવેલ જન્મ તારીખ, શૈક્ષણિક લાયકાતો, અનુભવની વિગતોમાં ઈન્ટરવ્યુ દરમિયાન ઓરીજનલ પ્રમાણપત્રોની ચકાસણી વખતે ક્ષતિ જણાશે તો, ઉમેદવારની કોઈપણ રજુઆત ગ્રાહય રખાશે નહિં તેમજ તેમને ઈન્ટરવ્યુમાંથી અને મેરીટ લીસ્ટ ઉપરથી તેમની ઉમેદવારી રદ ગણવામાં આવશે.

૧૩. આ જાહેરાત કે ભરતીમાં કોઈપણ કારણોસર ફેરફાર કે રદ કરવાની આવશયતા ઉભી થાય તો, તેમ કરવાનો સમગ્ર શિક્ષા, સ્ટેટ પ્રોજેકટ કચેરી, સેકટર–૧૭, ગાંધીનગરને સંપૂર્ણ હકક/અધિકાર રહેશે. તેમજ ઉપરોકત જગ્યાઓની ભરતી અંગેના કોઈપણ નિર્ણયો માટે સમગ્ર શિક્ષા કચેરીને હકક અબાધિત રહેશે. સમગ્ર શિક્ષા કચેરી આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહિં.

૧૪. અરજી કર્યાબાદ ઉમેદવાર ધ્વારા ભરતી કે નિમણૂંક અંગે ઈન્ટરવ્યુ દરમિયાન ટેલિફોનીક અથવા પત્ર વ્યવહાર ધ્વારા લાગવગ/ ભલામણ કરવામાં આવશે તો તે ઉમેદવારની અરજી રદ કરવામાં આવશે.

૧૫. ઈન્ટરવ્યુ પ્રક્રીયા પૂર્ણ થયાબાદ ઉમેદવારને મેરીટ મુજબ પસંદ કરેલ જગ્યા માટે નિમણૂંક આપવામાં આવશે. આ અંગે કોઈપણ ઉમેદવાર જગ્યાની નિમણૂંક સબંધે વારંવાર કચેરીને ભલામણ કરતો જણાશે તો તેની નિમણૂંક રદ કરવામાં આવશે.

૧૬. સમગ્ર શિક્ષા અંતર્ગત હાલ કરાર આધારિત નિમણૂંક પામેલ કોઈપણ કર્મચારી અરજી કરી શકશે. પરંતુ આવા ઉમેદવારની નિમણૂંક નવી નિમણૂંક ગણાશે અને જાહેરાતમાં દર્શાવ્યા મુજબનું ફિકસ મહેનતાણું મળવાપાત્ર રહેશે.

**૧૭. લાયકાતના ધોરણોઃ–**

**<u>(૧) પ્રોજેકટ કો–ઓર્ડિનેટરઃ સેકન્ડરી એજયુકેશન</u>**

**આવશ્યક લાયકાત :–** સુચિત જગ્યા માટે ઉમેદવાર માન્ય યુનિવર્સિટીની સ્નાતક કક્ષાએ પ્રથમ વર્ગ (૬૦%) ની તથા અનુ સ્નાતક કક્ષાએ દ્રિતિય વર્ગ (૫૫%) ની પદવી સાથે બી.એડ અને એમ.એડ. ની લાયકાત ફરજીયાત ધરાવતા હોવા જોઈએ. ઉમેદવાર કોમ્પ્યુટરનું જ્ઞાન ફરજિયાત ધરાવતા હોવા જોઈએ. (સીસીસી/સીસીસ પ્લસ તથા તેને સમકક્ષ) તેમજ ઉમેદવાર ગુજરાતી, હિન્દી, અંગ્રેજી ભાષા લખતાં, વાંચતા, બોલતાં આવડતું હોવુ જોઈએ.

**અનુભવ :**ઉમેદવાર શિક્ષણના ક્ષેત્રમાં ફરજીયાત **"૫ વર્ષનો સવેતન અનુભવ"** ફરજિયાત ધરાવતાં હોવા જોઈએ.

**(નોંધઃ સ્નાતક, અનુસ્નાતક, બી.એડ.પછીનો જ અનુભવ માન્ય ગણાશે.)**

**<u>(૨) મદદનીશ જિલ્લા કો–ઓર્ડિનેટર : કવોલીટી એજયુકેશન એન્ડ મોનીટરીંગ (ટીચર્સ ટ્રેનીંગ)</u>**

**આવશ્યક લાયકાત :–** સુચિત જગ્યા માટે ઉમેદવાર માન્ય યુનિવર્સિટીની સ્નાતક કક્ષાએ પ્રથમ વર્ગ (૬૦%) ની તથા અનુ સ્નાતક કક્ષાએ દ્રિતિય વર્ગ (૫૫%) ની પદવી સાથે બી.એડ ની લાયકાત ફરજીયાત ધરાવતા હોવા જોઈએ. **તેમજ ઉમેદવાર TET/TAT પરીક્ષા ફરજિયાત પાસ કરેલ હોવી જોઈએ. ઉમેદવાર TET/TAT પરીક્ષા પાસ કરેલ નહી હોય તો ગેરલાયક ઠરશે.**

**<u>અનુભવ :</u>** ઉમેદવાર શિક્ષણના ક્ષેત્રમાં ફરજીયાત **"૩ વર્ષનો સવેતન અનુભવ"** ફરજિયાત ધરાવતાં હોવા જોઈએ.

**(નોંધઃ સ્નાતક, અનુસ્નાતક અને બી.એડ. પછીનો જ અનુભવ માન્ય ગણાશે.)**

**<u>(૩) મદદનીશ જિલ્લા કો–ઓર્ડિનેટર : ગર્લ્સ એજયુકેશન</u>**

**આવશ્યક લાયકાત :–** સુચિત જગ્યા માટે **ફકત મહિલા ઉમેદવાર** માન્ય યુનિવર્સિટીની સ્નાતક કક્ષાએ પ્રથમ વર્ગ (૬૦%) ની તથા અનુ સ્નાતક કક્ષાએ દ્રિતિય વર્ગ (૫૫%) ની પદવી સાથે બી.એડની લાયકાત ફરજીયાત ધરાવતા હોવા જોઈએ. **તેમજ ઉમેદવાર TET/TAT પરીક્ષા ફરજિયાત પાસ કરેલ હોવી જોઈએ. ઉમેદવાર TET/TAT પરીક્ષા પાસ કરેલ નહી હોય તો ગેરલાયક ઠરશે. <u>અનુભવ :</u>** ઉમેદવાર કન્યા શિક્ષણના ક્ષેત્રમાં ફરજીયાત **"૩ વર્ષનો સવેતન અનુભવ"** ફરજિયાત ધરાવતાં હોવા જોઈએ.

**(નોંધઃ સ્નાતક, અનુસ્નાતક અને બી.એડ. પછીનો જ અનુભવ માન્ય ગણાશે.)**

(૪) **<u>મદદનીશ જિલ્લા કો–ઓર્ડિનેટર : જિલ્લા હિસાબી અધિકારી</u>**

**<u>આવશ્યક લાયકાત :</u>** ઉમેદવાર માન્ય યુનિવર્સિટીની બી.કોમ. ની ડીગ્રી મુખ્ય વિષય એકાન્ટન્સી સાથે અથવા બી.બી.એ. ની ડીગ્રી મુખ્ય વિષય ફાયનાન્સ સાથે ઓછામાં ઓછા ૬૦% ગુણાંક તથા અનુસ્નાતક કક્ષાએ એમ.કોમ.ની ડીગ્રી મુખ્ય વિષય એકાન્ટન્સી ૫૫% સાથે અથવા એમ.બી.એ. ની ડીગ્રી મુખ્ય વિષય ફાયનાન્સ સાથે ઓછામાં ઓછા ૫૫% ફરજિયાત ધરાવતો હોવો જોઈએ. કોમ્પ્યુટરના ઉપયોગ અંગે ખાસ કરીને ટેલી (Tally) સોફટવેર અંગે ફરજિયાત કોર્ષ કર્યા અંગેનું પ્રમાણપત્ર સરકાર માન્ય સંસ્થામાંથી ધરાવતા હોવા જોઈએ.

**<u>ઈચ્છનીય લાયકાતઃ (મરજીયાત):</u>** ઉમેદવાર ચાર્ટડ એકાઉન્ટન્ટ ફર્મમાં ૩ વર્ષની આર્ટિકલ શીપ કરેલ હશે તો પ્રાધ્યાન્ય આપવામાં આવશે.

**<u>અનુભવ :</u>** ઉમેદવાર ઓડિટ અંગેની જાણકારી, નાણાંકીય વ્યવસ્થાપન અંગેની સ્પષ્ટ સૂઝ સાથે હિસાબી ઓડીટીંગ કામકાજના **"૩ વર્ષનો સવેતન અનુભવ"** ફરજિયાત ધરાવતાં હોવા જોઈએ. **(નોંધઃ સ્નાતક, અનુસ્નાતક પછીનો જ અનુભવ માન્ય ગણાશે)**

**(૫) મદદનીશ જિલ્લા કો–ઓર્ડિનેટર : એમ.આઈ.એસ.**

**આવશ્યક લાયકાત :** સૂચિત જગ્યા માટે ઉમેદવાર માન્ય યુનિવર્સીટીમાં સ્નાતક કક્ષાએ પ્રથમ વર્ગ (૬૦%) ની B.E. Computer (૬૦%) / IT (૬૦%)

**અથવા**

સ્નાતક (૬૦%) સાથે MCA (૫૫%)

**અથવા**

સ્નાતક (૬૦%) સાથે M.sc Computer Science (CS) / IT 55% ની લાયકાત ફરજિયાત ધરાવતા હોવા જોઈએ.

**અનુભવ :** ઉમેદવાર સબંધિત ક્ષેત્રમાં **"૩ વર્ષનો સવેતન અનુભવ"** સિસ્ટમ એનાલીસ્ટ અથવા પ્રોગ્રામર તરીકેનો અનુભવ ફરજિયાત રહેશે.

**(નોંધ : સ્નાતક અને પોષ્ટ ગ્રેજયુએશન પછીનો જ અનુભવ માન્ય ગણાશે.)**

**(૬) મદદનીશ જિલ્લા કો–ઓર્ડિનેટર : અલ્ટરનેટીવ સ્કુલીંગ/એકસેસ**

**આવશ્યક લાયકાત :–** સુચિત જગ્યા માટે ઉમેદવાર માન્ય યુનિવર્સિટીની સ્નાતક કક્ષાએ પ્રથમ વર્ગ (૬૦%) ની તથા અનુ સ્નાતક કક્ષાએ દ્રિતિય વર્ગ (૫૫%) ની પદવી સાથે બી.એડ ની લાયકાત ફરજીયાત ધરાવતા હોવા જોઈએ. **તેમજ ઉમેદવાર TET/TAT પરીક્ષા ફરજિયાત પાસ કરેલ હોવી જોઈએ. ઉમેદવાર TET/TAT પરીક્ષા પાસ કરેલ નહી હોય તો ગેરલાયક ઠરશે.**

**અનુભવ :** ઉમેદવાર શિક્ષણના ક્ષેત્રમાં ફરજીયાત **"૩ વર્ષનો સવેતન અનુભવ"** ફરજિયાત ધરાવતાં હોવા જોઈએ.

**(નોંધઃ સ્નાતક, અનુસ્નાતક અને બી.એડ. પછીનો જ અનુભવ માન્ય ગણાશે.)**

**(૭) મદદનીશ જિલ્લા કો–ઓર્ડિનેટર : આઈઈડી કો–ઓર્ડિનેટર**

**આવશ્યક લાયકાત :–**

સુચિત જગ્યા માટે ઉમેદવાર માન્ય યુનિવર્સિટીના કોઈ એક વિષયમાં સ્નાતક કક્ષાએ પ્રથમ વર્ગ (૬૦%).

વિશિષ્ટ શિક્ષણમાં સ્પેશ્યલ બી.એડ. કે ડીપ્લોમા માં RCI માન્ય રજીસ્ટ્રેશન ફરજિયાત કરેલ હોવું જોઈએ.

**અનુભવ :** વિશિષ્ટ જરૂરીયાત (Special Needs) ધરાવતા બાળકો સાથે કામ કરવાનો RCI માન્ય સંસ્થાનો કે માન્ય શાળાનો **"૩ વર્ષનો સવેતન અનુભવ"** ફરજિયાત ધરાવતાં હોવા જોઈએ.

**(નોંધ : સ્નાતક અને સ્પેશ્યલ બી.એડ./ડીપ્લોમા પછીનો જ અનુભવ માન્ય ગણાશે.)**

**(૮) એડી. મદદનીશ જિલ્લા કો. ઓ. – ગર્લ્સ એજયુકેશન (કે.જી.બી.વી.) (ફકત મહિલા ઉમેદવાર)**

**આવશ્યક લાયકાત :** સ્નાતક કક્ષાએ (૫૫%), અનુસ્નાતક (૫૦%) અને તાલીમી સ્નાતક (બી.એડ.)

**અનુભવ :** ઉમેદવાર કન્યા શિક્ષણના ક્ષેત્રમાં ફરજીયાત **"૩ વર્ષનો સવેતન અનુભવ"** ફરજિયાત ધરાવતાં હોવા જોઈએ.

**(નોંધઃ સ્નાતક, અનુસ્નાતક અને બી.એડ. પછીનો જ અનુભવ માન્ય ગણાશે.)**

**(૯) બ્લોક એમઆઈએસ કો–ઓર્ડિનેટર (તાલુકાકક્ષા)**

| | | |
|---|---|---|
| **આવશ્યક લાયકાત** | : | (૧) B.Com. / BCA / B.Sc. / BBA સાથે<br>સરકાર / યુ.જી.સી. માન્ય યુનિવર્સીટીનો એકવર્ષનો PGDCA કોર્ષ કરેલ હોવો જોઈએ.<br>**અથવા**<br>તેની સમકક્ષ સરકાર / યુ.જી.સી. માન્ય યુનિવર્સીટી કે સંસ્થામાંથી કોમ્પ્યુટરનો એક વર્ષનો કોર્ષ કરેલ હોવો જોઈએ.<br>**અથવા**<br>(૨) B.E. (IT / Computer) |
| **અનુભવ** | : | કોમ્પ્યુટર કામગીરીનો ઓછામાં ઓછો એક વર્ષનો સંસ્થાકીય અનુભવ (સવેતન). |

**(નોંધ : અનુભવ B.E. (Computer / IT) / PGDCA પાસ કર્યા પછીનો જ ગ્રાહય રાખવામાં આવશે.)**

૧૮. ઓનલાઈન અરજી Submit કર્યા બાદ સ્ક્રીન પર દર્શાવવામાં આવેલ Application number નોંધી લેવાનો રહેશે.

૧૯. ઉમેદવારે ઓનલાઈન અરજી કરવા માટે સૌ પ્રથમ **Registration** કરવાનું રહેશે જેમાં ઉમેદવારે પોતાનું નામ, માતાનું નામ, જન્મતારીખ, ઈમેલ, મોબાઈલ નંબર, પાસવર્ડ, ઉમેદવારનો તાજેતરનો ફોટો અને સહીનો નમૂનો **200 kb** થી વધે નહી તે રીતે સ્કેન કરી **Upload** કરવાના રહેશે. **Registration** ફોર્મમાં આપેલ **Email Address** પર **Account Activate** કરવા અંગેનો ઈમેલ આવશે. જેમાં **Click here To Activate** પર **Click** કરવાથી આપનું **Register** કરેલ **Account Activate** થશે. ત્યારબાદ **Login** થઈ જે તે જગ્યા સામે **Apply Button** પર **Click** કરી અરજી કરવાની રહેશે.

૨૦. On line Application Save કર્યા બાદ જો અરજીમાં કોઈ ભૂલ જણાય તો Edit Button પર કલીક કરી આપની અરજીમાં સુધારો કરી શકાશે.

૨૧. આપની અરજીને Confirm Button પર કલીક કરી આપની અરજીને Submit કરવાની રહેશે. **Submit કરેલી અરજી જ માન્ય ગણાશે** અને Submit થયા પછી અરજી પત્રકની પ્રિન્ટ મેળવી લેવાની રહેશે.

૨૨. **Submit કરેલી અરજીમાં કોઈપણ પ્રકારનો સુધારો–વધારો કરી શકાશે નહિં જેની નોંધ લેવી.**

૨૩. ઈન્ટરવ્યુ વખતે પ્રિન્ટ લીધેલ અરજી પત્રકમાં અરજદારનો તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો ફોટો ચોંટાડી જરૂરી પ્રમાણપત્રોની પ્રમાણિત નકલ તથા અસલ પ્રમાણપત્રો સાથે હાજર રહેવાનું રહેશે.

૨૪. ઓનલાઈન અરજી કર્યાબાદ અરજી પત્રકમાં કોઈ ભૂલ જણાય તો નવેસરથી ફરીવાર ઓનલાઈન અરજી કરવાની રહેશે. અને જૂની અરજી આપોઆપ રદ થઈ જશે.

૨૫. પસંદગી પ્રક્રિયા માટે ઉમેદવારો ધ્વારા ઓનલાઈન અરજી મેળવ્યા બાદ લાયકાતના ધોરણે પસંદગીને પાત્ર ઠરતાં ઉમેદવારોની મેરીટ યાદી તૈયાર કરી જગ્યાના પ્રમાણમાં ઉમેદવારની પસંદગી માટે તેમનું ગુણાંકન ૭૦% લાયકાત અને અનુભવ તેમજ ૩૦% ઈન્ટરવ્યુનો ભારાંક રહેશે.

૨૬. ઉમેદવારોની લાયકાત પ્રમાણે નીચે મુજબ ગુણાંકન રહેશે.

**(૧) પ્રોજેકટ કો–ઓર્ડિનેટરઃ સેકન્ડરી એજ્યુકેશન**

| સ્નાતક પરીક્ષામાં મેળવેલ ગુણાંકનના ૧૦% | અનુ. સ્નાતક પરીક્ષામાં મેળવેલ ગુણાંકનના ૨૦% | બી.એડ.પરીક્ષામાં મેળવેલ ગુણાંકનના ૧૦% | એમ.એડ.પરીક્ષામાં મેળવેલ ગુણાંકનના ૨૦% | ફરજિયાત માંગેલ અનુભવ ઉપરાંત શૈક્ષણિક અનુભવ દરેક વર્ષના ૨ ગુણ પ્રમાણે મહતમ ૫ વર્ષ | કુલ ગુણ (૭૦) |
|---|---|---|---|---|---|
| ૧૦ | ૨૦ | ૧૦ | ૨૦ | ૧૦ | ૭૦ |

**(૨) મદદનીશ જિલ્લા કો–ઓર્ડિનેટર : કવોલીટી એજયુકેશન એન્ડ મોનીટરીંગ (ટીચર્સ ટ્રેનીંગ)**

| સ્નાતક પરીક્ષામાં મેળવેલ ગુણાંકનના ૧૦% | અનુ. સ્નાતક પરીક્ષામાં મેળવેલ ગુણાંકનના ૧૫% | બી.એડ.પરીક્ષામાં મેળવેલ ગુણાંકનના ૨૦% | TET/TAT પરીક્ષામાં મેળવેલ ગુણાંકનના ૨૦ % | ફરજિયાત માંગેલ અનુભવ ઉપરાંત શૈક્ષણિક અનુભવ દરેક વર્ષના ૧ ગુણ પ્રમાણે મહતમ ૫ વર્ષ | કુલ ગુણ (૭૦) |
|---|---|---|---|---|---|
| ૧૦ | ૧૫ | ૨૦ | ૨૦ | ૫ | ૭૦ |

**(૩) મદદનીશ જિલ્લા કો–ઓર્ડિનેટર : ગર્લ્સ એજયુકેશન :**

| સ્નાતક પરીક્ષામાં મેળવેલ ગુણાંકનના ૧૦% | અનુ. સ્નાતક પરીક્ષામાં મેળવેલ ગુણાંકનના ૧૫% | બી.એડ.પરીક્ષામાં મેળવેલ ગુણાંકનના ૨૦% | TET/TAT પરીક્ષામાં મેળવેલ ગુણાંકનના ૨૦ % | ફરજિયાત માંગેલ અનુભવ ઉપરાંત શૈક્ષણિક અનુભવ દરેક વર્ષના ૧ ગુણ પ્રમાણે મહતમ ૫ વર્ષ | કુલ ગુણ (૭૦) |
|---|---|---|---|---|---|
| ૧૦ | ૧૫ | ૨૦ | ૨૦ | ૫ | ૭૦ |

(૪) મદદનીશ જિલ્લા કો–ઓર્ડિનેટર : જિલ્લા હિસાબી અધિકારી :

| સ્નાતક પરીક્ષામાં મેળવેલ ગુણાંકનના ૩૦% (B.Com./ B.B.A.) | અનુ. સ્નાતક પરીક્ષામાં મેળવેલ ગુણાંકનના ૩૦% (M.Com./ M.B.A.) | ફરજિયાત માંગેલ અનુભવ ઉપરાંત શૈક્ષણિક અનુભવ દરેક વર્ષના ૨ ગુણ પ્રમાણે મહતમ ૫ વર્ષના ૧૦ ગુણ | કુલ ગુણ (૭૦) |
|---|---|---|---|
| ૩૦ | ૩૦ | ૧૦ | ૭૦ |

(૫) મદદનીશ જિલ્લા કો–ઓર્ડિનેટર : એમ.આઈ.એસ. :

| સ્નાતક પરીક્ષામાં મેળવેલ ગુણાંકનના ૬૦% (B.E-I.T./ Computer) | ફરજિયાત માંગેલ અનુભવ ઉપરાંત શૈક્ષણિક અનુભવ દરેક વર્ષના ૨ ગુણ પ્રમાણે મહતમ ૫ વર્ષના ૧૦ ગુણ | કુલ ગુણ (૭૦) |
|---|---|---|
| ૬૦ | ૧૦ | ૭૦ |

<u>અથવા</u>

| સ્નાતક પરીક્ષામાં મેળવેલ ગુણાંકનના ૩૦% | અનુ. સ્નાતક પરીક્ષામાં મેળવેલ ગુણાંકનના ૩૦% (MCA/ M.Sc.-CS/I.T. | ફરજિયાત માંગેલ અનુભવ ઉપરાંત શૈક્ષણિક અનુભવ દરેક વર્ષના ૨ ગુણ પ્રમાણે મહતમ ૫ વર્ષના૧૦ ગુણ | કુલ ગુણ (૭૦) |
|---|---|---|---|
| ૩૦ | ૩૦ | ૧૦ | ૭૦ |

(૬) મદદનીશ જિલ્લા કો–ઓર્ડિનેટર : અલ્ટરનેટીવ સ્કૂલીંગ/એકસેસ

| સ્નાતક પરીક્ષામાં મેળવેલ ગુણાંકનના ૩૦% | બી.એડ.પરીક્ષામાં મેળવેલ ગુણાંકનના ૩૦% | ફરજિયાત માંગેલ અનુભવ ઉપરાંત શૈક્ષણિક અનુભવ દરેક વર્ષના ૨ ગુણ પ્રમાણે મહતમ ૫ વર્ષના ૧૦ ગુણ | કુલ ગુણ (૭૦) |
|---|---|---|---|
| ૩૦ | ૩૦ | ૧૦ | ૭૦ |

(૭) મદદનીશ જિલ્લા કો–ઓર્ડિનેટર : આઈઈડી કો–ઓર્ડિનેટર

| સ્નાતક પરીક્ષામાં મેળવેલ ગુણાંકનના ૩૦% | વિશિષ્ટ શિક્ષણ (Special Education) માં બી.એડ./ડીપ્લોમા કરેલને મેળવેલ ગુણાંકન ૩૦% | ફરજિયાત માંગેલ અનુભવ ઉપરાંત શૈક્ષણિક અનુભવ દરેક વર્ષના ૨ ગુણ પ્રમાણે મહતમ ૫ વર્ષના૧૦ ગુણ | કુલ ગુણ (૭૦) |
|---|---|---|---|
| ૩૦ | ૩૦ | ૧૦ | ૭૦ |

(૮) એડીશનલ મદદનીશ જિલ્લા કો–ઓર્ડિનેટર : ગર્લ્સ એજયુકેશન (કેજીબીવી) – જિલ્લાકક્ષા

| સ્નાતક પરીક્ષામાં મેળવેલ ગુણાંકનના ૨૦% | અનુ. સ્નાતક પરીક્ષામાં મેળવેલ ગુણાંકનના ૨૫% | બી.એડ.પરીક્ષામાં મેળવેલ ગુણાંકનના ૧૫% | ફરજિયાત માંગેલ અનુભવ ઉપરાંત શૈક્ષણિક અનુભવ દરેક વર્ષના ૨ ગુણ પ્રમાણે મહતમ ૫ વર્ષના ૧૦ ગુણ | કુલ ગુણ (૭૦) |
|---|---|---|---|---|
| ૨૦ | ૨૫ | ૧૫ | ૧૦ | ૭૦ |

(૯) બ્લોક એમઆઈએસ કો–ઓર્ડિનેટર (તાલુકાકક્ષા)

| સ્નાતક પરીક્ષામાં મેળવેલ ગુણાંકનના ૬૦% (B.E-I.T./ Computer) | ફરજિયાત માંગેલ અનુભવ ઉપરાંત શૈક્ષણિક અનુભવ દરેક વર્ષના ૨ ગુણ પ્રમાણે મહતમ ૫ વર્ષના૧૦ ગુણ | કુલ ગુણ (૭૦) |
|---|---|---|
| ૬૦ | ૧૦ | ૭૦ |

**અથવા**

| **સ્નાતક પરીક્ષામાં મેળવેલ ગુણાંકનના ૩૦%** | **PGDCA** | **ફરજિયાત માંગેલ અનુભવ ઉપરાંત શૈક્ષણિક અનુભવ દરેક વર્ષના ૨ ગુણ પ્રમાણે મહતમ ૫ વર્ષના ૧૦ ગુણ** | **કુલ ગુણ (૭૦)** |
|---|---|---|---|
| ૩૦ | ૩૦ | ૧૦ | ૭૦ |

**ઉપરોકત ક્રમ ૧ થી ૯ ની તમામ જગ્યાઓ પર ઉમેદવારની લાયકાત અને અનુભવના આધારે ઓનલાઈન ભરવામાં આવેલ ફોર્મ મુજબ ૭૦ ગુણાંકનનું મેરીટ તૈયાર થયેથી ત્યારબાદ મૌખિક ઈન્ટરવ્યુના ૩૦ ગુણ રહેશે. આમ કુલ ૧૦૦ ગુણાંકન રહેશે. તે મુજબ ફાઈનલ મેરીટ તૈયાર કરવામાં આવશે.**

# પરિશિષ્ટ – ૪

## ઓનલાઈન ફોર્મ ભરવા અંગેની માર્ગદર્શિકા

**ખાસ નોંધ :**

૧. ફોર્મ કોલમ અનુક્રમ નંબર મુજબ જ ભરવું.

૨. એક કરતાં વધુ પ્રયત્ને પાસ થયા હોય તેવા અરજદારે :

- છેલ્લે પાસ કરેલ પરીક્ષાનો સીટ નંબર અને વર્ષ લખવું.
- તમામ માર્કશીટના ગુણનો સરવાળો કરી એન્ટ્રી કરવી, દા.ત. પહેલા પ્રયત્નમાં કુલ ૭૦૦ માંથી ૪૫૦ ગુણ અને બીજા પ્રયત્નમાં કુલ ૪૦૦ માંથી ૩૦૦ ગુણ મેળવેલ હોય તો કુલ ગુણમાં ૧૧૦૦ (૭૦૦+૪૦૦) અને મેળવેલ ગુણમાં ૭૫૦(૪૫૦+૩૦૦) એન્ટર કરવા.

૩. જયારે સ્ક્રીન પર Please Wait દર્શાવતું હોય ત્યારે કોઈ પણ એન્ટ્રી કરવીં નહીં.

૪. તમામ માહિતી અંગ્રેજીમાં ભરવાની રહેશે.

૫. કેટલીક યુનિવર્સિટીની માર્કશીટમાં ગ્રેડ પધ્ધતિ અનુસાર ઉમેદવારના કુલ ગુણમાંથી મેળવેલ ગુણ દર્શાવેલ હોતા નથી. આવા ઉમેદવારોએ જે તે યુનિવર્સિટીમાંથી કુલ ગુણ/મેળવેલ ગુણ અંગેનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. તે મુજબ ગુણ દર્શાવવાના રહેશે. જો ઉમેદવાર આ પ્રકારનું પ્રમાણપત્ર રજુ ન કરી શકે તો ગ્રેડ પધ્ધતિમાં દર્શાવેલ ગ્રેડના રેન્જની લઘુતમ ટકાવારી મુજબના ગુણ અરજીપત્રકમાં ભરવાના રહેશે. કુલ ગુણ ૧૦૦૦ અને ટકાવારી અનુરૂપ મેળવેલ ગુણ દર્શાવવાના રહેશે. (દા.ત. જો ૭૧% હોય તો કુલ ગુણ ૧૦૦૦ અને મેળવેલ ગુણ ૭૧૦ દર્શાવવા)

(૧). **ઉમેદવારનું પુરૂ નામઃ** અટક, નામ, અને પતિ/પિતાનું નામ તમારી માર્કશીટ પ્રમાણે એન્ટર કરો.

(૨). **પત્ર વ્યવહારનું સરનામું:** પત્ર વ્યવહાર માટે હાલના સરનામાંની વિગત એન્ટર કરો.

✓ "ફોન નંબર" માં તમારો ફોન નંબર એન્ટર કરો.

✓ "ઈમેલ એડ્રેસ" માં તમારું ઈમેલ એડ્રેસ એન્ટર કરો.

✓ "જન્મ તારીખ" માં "DD" માંથી તમારી જન્મની તારીખ પસંદ કરો. "MM" માંથી તમારા જન્મનો મહિનો પસંદ કરો. અને "Year" માંથી તમારા જન્મનું વર્ષ પસંદ કરો. તમારી ઉંમર આપોઆપ આવી જશે.

✓ "જાતિ" માં સ્ત્રી અથવા પુરૂષ પસંદ કરો.

(૩). **શૈક્ષણિક લાયકાતઃ**

"શૈક્ષણિક લાયકાત" માં ડ્રોપ ડાઉનમાંથી નીચે પૈકીના વિકલ્પ માંથી પસંદગી કરો.

➢ **સ્નાતક / અનુસ્નાતક / અન્ય લાયકાત માટેઃ**

- ડ્રોપ બોક્ષમાં દર્શાવ્યા મુજબ વિકલ્પ પસંદ કરો.
- University / Organization / Institute માં યોગ્ય વિકલ્પ પસંદ કરો. "Other" સિલેકટ કરતાં University નું નામ લખવું.
- Year of Passing માં ડીગ્રી પાસ કર્યાનું વર્ષ એન્ટર કરો.
- Exam Seat No માં તમારો સીટ નંબર એન્ટર કરો.
- કુલ ગુણ અને મેળવેલ ગુણ એન્ટર કરો. ટકા આપોઆપ આવી જશે.
- તમારો પ્રયત્ન ડ્રોપ ડાઉનમાંથી સિલેકટ કરો.

(૪). **અનુભવ : (આવશ્યક લાયકાત મેળવ્યા પછીનો જ અનુભવ એન્ટર કરવો)**

➢ તમારા પહેલા અનુભવથી શરૂઆત કરી આખરી અનુભવ સુધી ક્રમ માંજ એન્ટ્રી કરો.

✓ દા.ત. company ABC માં 1-Jan-1990 થી 30-May-1995 સુધીનો અનુભવ હોય અને company XYZ 1-Jun-1995 થી 15-Dec-2001 સુધીનો અનુભવ હોય તો company ABC ની વિગત પ્રથમ એન્ટર કરો. તે પછી જ company ABC ની એન્ટ્રી કરો.

તમામ વિગતો ભરી Submit પર કિલક કરો.

**નોંધઃ–**

- પ્રિન્ટ કાઢયા પછી હાથ થી સુધારા/વધારા કરેલા અરજીપત્રક સ્વીકારવામાં આવશે નહીં.
- ઈન્ટરવ્યુ માટેની સૂચના, મેરીટ લિસ્ટ વગેરે માટે ઓનલાઈન **http://www.ssagujarat.org** વેબસાઈટ જોતી રહેવાની રહેશે. અલગથી કોઈ પત્રવ્યવહાર કરવામાં આવશે નહિ.

# <u>પરિશિષ્ટ– ૫</u>

**...................................ની જગ્યાની કામગીરી માટે કરવામાં આવેલ કરારની શરતો અને બોલીઓ**

૧. આ કરારની મુદત **તા.................... થી તા....................** સુધીની છે. એટલે કરારની મુદત પુરી થતાં આપ કામગીરી ઉપરથી છુટા થયેલા ગણાશો. આમ છતાં આપની કામગીરીને ધ્યાનમાં લઈને જરૂરીયાત જણાશે તો નવેસરથી કરાર કરવાનું વિચારવામાં આવશે. આ જગાની આપની કામગીરી / વર્તણૂંક સંતોષકારક નહીં જણાય તો કોઈપણ જાતની નોટીસ વગર કરારનો અંત લાવવામાં આવશે.

૨. આપના પક્ષે કરારનો અંત લાવવા માટે એક માસની નોટીસ આપવાની રહેશે.

૩. આ કામગીરી માટે માસિક **રૂ.............../– (.................... પુરા)** ફીકસ મહેનતાણું ચૂકવવામાં આવશે. કરારની મુદત દરમિયાન ઉકત માસિક ફીકસ મહેનતાણા ઉપર કોઈપણ પ્રકારનો વધારો, ઈજાફો, ભથ્થાં કે અન્ય નાણાંકીય લાભ મળવાપાત્ર નથી.

૪. સૂચિત જગ્યા માટે નિયત કરવામાં આવેલ કર્તવ્યો અને ફરજો બજાવવાની રહેશે. તેમજ આ કચેરી ધ્વારા વખતો વખત નિર્દેશ કરવામાં આવતી કામગીરી કરવાની રહેશે. કચેરીમાં ફરજપાલન માટે નિયત કરેલ સમય પ્રમાણે પૂર્ણકાલિન હાજરી આપવાની રહેશે.

૫. પ્રતિમાસ એકના ધોરણે પરચૂરણ રજા મળવાપાત્ર થશે.

૬. આપના કાર્યક્ષેત્રને લગતાં પ્રવાસો માટે નિયમાનુસાર પ્રવાસ ભાડા–ભથ્થુ મળવાપાત્ર રહેશે.

૭. આ કરાર ચોકકસ સમય રેખાના કાર્યક્રમ / પ્રોજેકટના અમલીકરણ માટે, કાર્યક્રમ / પ્રોજેકટ માટે મંજૂર રહેલ વહીવટી ખર્ચની મર્યાદામાં રહીને કરવામાં આવેલ છે. કાર્યક્રમ / પ્રોજેકટ કરારની અવધિ પૂર્ણ થતાં મારા પક્ષે કામગીરી ઉપર ચાલુ રહેવા / નવીન કરાર કરવા માટેનો કોઈ હકદાવો અદાલતી કાર્યવાહી કરી શકાશે નહી.

૮. કરારના સમયગાળા દરમિયાન તેઓને એકત્રિત વેતનમાં કોઈપણ પ્રકારનો વધારો કે ઈજાફો મળવાપાત્ર થશે નહિ. તથા મોંઘવારી ભથ્થુ વચગાળાની રાહત તથા બીજા લાભો મળવાપાત્ર થશે નહિ.

૯. કરારના સમયગાળા દરમ્યાન તેઓનું અવસાન થાય તો તેમને બજાયેલ સમયગાળાની એકત્રિત લેણી રકમ તેઓના કુટુંબીજનોને મળવાપાત્ર થશે. બીજા કોઈ નાણાકીય લાભ એક્ષગ્રેસીયા લાભ કે રહેમરાહે નોકરી જેવા અનુષાગિંક લાભ મળવાપાત્ર થશે નહિ.

૧૦. તેઓએ કાર્ય મથક પર રહેઠાણ રાખવાનું ફરજિયાત રહેશે અને અધિકૃત અધિકારીની પરવાનગી વગર તેઓ મુખ્ય મથક છોડી શકશે નહી. પ્રોજેકટ કામ માટે તેઓ ચોવીસ કલાક બધાયેલા છે અને પ્રોજેકટ તેમની સેવાની જરૂર પડે ત્યારે તેમણે અચૂક હાજર રહેવાનું રહેશે.

૧૧. ગુજરાત કાઉન્સીલ ઓફ પ્રાયમરી એજયુકેશન સર્વિસ રૂલ્સ અને રેગ્યુલેશન, ૧૯૯૬ માં ઠરાવેલ બાબતો આપને બંધનકર્તા રહેશે અને તેનો ભંગ થયે કોઈપણ જાતની કાર્યવાહી વગર કરાર સમાપ્ત કરવામાં આવશે.

૧૨. કરાર પૂર્ણ થયા બાદ નવા કરાર માટે નવેસરથી જાહેરાત આપવામાં આવશે.

૧૩. મારી સાથેનો આ કરાર ઉપર દર્શાવેલ મુદત પૂરતો છે તે હું સમજુ છું.

કરાર સ્વીકાર્ય હોવા બદલની
સહી અને પુરુ નામ :
તારીખ :

રૂબરૂમાં

**જિલ્લા પ્રોજેકટ કો–ઓર્ડિનેટરશ્રી**
જિલ્લા પ્રોજેકટ ઓફિસ, સમગ્ર શિક્ષા, જિ. ......................